**પંચાયતી રાજ સંસ્થાઓનાં આવકના સાધનો સંગીન બનાવવા ૧૫ માં નાણાપંચની ભલામણ અનુસાર અનુદાનની ફાળવણી કરવા બાબત.**

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એફએફસી-૧૦-૨૦૨૦-૧૪૯૩૫૭-ત,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૧/૫/૨૦૨૦

વંચાણે લીધા : (૧) ૧૫ માં નાણાપંચની વર્ષ ૨૦૨૦-૨૧ ની મધ્યસ્થ ભલામણોના પ્રકરણ-૫.

(૨) ભારત સરકારશ્રીના પંચાયતી રાજ મંત્રાલયનાં સંયુક્ત સચિવશ્રીનાં તા.૨૦/૦૨/૨૦૨૦ના અ.સ. પત્ર ક્રમાંકઃ G-39011/2/2017-FD

ઠરાવ :

કેન્દ્રીય ૧૫ માં નાણાપંચનો વર્ષ ૨૦૨૦-૨૧ માટેના પ્રકાશિત થયેલ પ્રથમ અહેવાલના પ્રકરણ -૫ "Empowering Local Bodies" થી Rural Bodies માટે થયેલ ભલામણ અન્વયે ભારત સરકારના પંચાયત મંત્રાલયના સંદર્ભ (૨) માં દર્શાવેલ તા. ૨૦-૪-૨૦૨૦ ના પત્ર અન્વયે ગુજરાત રાજયને રૂા. ૩૧૯૫.૦૦ કરોડની રકમની ફાળવણી કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ (૨) ના પત્રના ફકરા ૨ માં સૂચવ્યા મુજબ ૧૫માં કેન્દ્રિય નાણાપંચ દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ માં રાજ્યને મળવાપાત્ર ગ્રાંટનાં બે ભાગ પાડેલ છે. -

(૧) બેઝીક ગ્રાંટ (Baisc Grant) અને (૨) ટાઈડ ગ્રાન્ટ (Tied Grant)

જે ૫૦:૫૦ % નાં સપ્રમાણ ગુણોત્તરમાં મળવાપાત્ર હશે.

૨. બેઝીક ગ્રાંટનો વપરાશ પંચાયતી રાજ સંસ્થાઓની જરૂરીયાત સંદર્ભે રાજ્ય સરકાર ઠરાવે તે નિશ્ચિત હેતુ માટે ઉપયોગ કરવાનો રહેશે જ્યારે ટાઈડ ગ્રાંટનો સંદર્ભ-૧ ના ૧૫ માં નાણાપંચની વર્ષ ૨૦૨૦-૨૧ ની મધ્યસ્થ ભલામણોના પ્રકરણ-૫માં દર્શાવેલ હેતુ માટે જ ઉપયોગ થઈ શકશે.

૩. વર્ષ ૨૦૨૦-૨૧માં મળનાર બેઝીક અને ટાઈડ બંને પ્રકારની ગ્રાંટનો ઉપયોગ જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયાતો દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ માટે કરવાનો રહેશે. કેન્દ્રિય ૧૫મા નાણાપંચની ભલામણોની અમલવારી ૨૦૨૦-૨૧ થી કરવાની રહે છે. આ અમલવારી માટેની વિગતવાર સૂચનાઓ કેન્દ્ર સરકાર તરફથી મળનાર માર્ગદર્શક સૂચનાઓ બાદ રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવશે. હાલ પુરતું વંચાણે લીધેલ ૧-૨ અન્વયે નીચે મુજબની જોગવાઈઓ ઠરાવવામાં આવે છે.

(૧) જિલ્લાને મળનાર કુલ ગ્રાંટ પૈકી ૭૦% ગ્રાંટ ગ્રામ પંચાયતને ફાળવવાની રહેશે. ૨૦% ગ્રાંટ તાલુકા પંચાયતને ફાળવવાની રહેશે અને ૧૦% ગ્રાંટ જિલ્લા પંચાયતને ફાળવવાની રહેશે.

(૩) વિકાસ કમિશ્નરશ્રીની કચેરીના હવાલે મુકેલ ગ્રાંટ ૨૦૧૧ના વસ્તી ગણતરીનાં અધિકૃત ગ્રામ્ય વસ્તીના આંકડાઓ અને ગ્રામ્ય વિસ્તારના આધારે ૯૦ : ૧૦ (વસ્તી-વિસ્તાર) મુજબ ફાળવવાની રહેશે.

(૩) જિલા વિકાસ અધિકારીશ્રીના હવાલે મુકવામાં આવેલ કુલ ગ્રાંટ પૈકી (૧) ગ્રામ પંચાયતોને ફાળવવાની થતી <u>૭૦%</u> ગ્રાંટ પૈકી ૯૦% ટકા જિલ્લાની વખતસર રચાયેલ ગ્રામ પંચાયતોની સને ૨૦૧૧ના વસ્તી ધોરણ મુજબની અધિકૃત ગ્રામ્ય વસ્તીનાં આંકડા અને ૧૦% ગ્રામ્ય વિસ્તારને આધાર લઈ ગ્રામ પંચાયતોને ફાળવવાની રહેશે અને તે જ પ્રમાણે (૨) બાકી રહેતી <u>૩૦%</u> ગ્રાંટ પૈકી અનુક્રમે ૨૦% ગ્રાંટ તાલુકા અને ૧૦% ગ્રાંટ જિલ્લાને તાલુકા અને જિલ્લાની ૨૦૧૧ના વસ્તી ધોરણ મુજબની ગ્રામ્ય વસ્તીના ૯૦% ટકા લેખે અને વિસ્તારને આધારે ૧૦% પ્રમાણે વહેંચણી કરવાની રહેશે.

૪. તદઉપરાંત નીચે મુજબની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનં રહેશે.

૧. આ યોજના તળે હાથ ધરવાના કામો ગ્રામ પંચાયતોએ ગ્રામસભાની બેઠકમાં રજુ કરી, પસંદગીનો નિર્ણય કરીને કામોની અગ્રતા નક્કી કરીને ઠરાવની બહાલી કરીને તાલુકા વિકાસ અધિકારીની બહાલી મેળવવાની રહેશે. તાલુકા પંચાયતે હાથ ધરવાના કામોની પસંદગીનો નિર્ણય કરી જિલ્લા વિકાસ અધિકારીશ્રીને બહાલી મેળવી લેવાની રહેશે. જ્યારે જિલ્લા પંચાયતે હાથ ધરવાના કામો માટે કામોની પસંદગીનો નિર્ણય કરીને તેની દરખાસ્ત વિકાસ કમિશ્નરશ્રીને મોકલવાની રહેશે. વિકાસ કમિશ્નરશ્રીએ તેની બહાલી આપવાની રહેશે. જે તે પંચાયતો દ્વારા આયોજન થયેલ કામોમાં સુધારા / ફેરફાર કરવાની જરૂર જણાય તો તે અંગે ગ્રામસભાની મંજુરી મેળવી સક્ષમ સતાધિકારીની મંજુરી બાદ જ સુધારા મુજબના કામો હાથ ધરી શકાશે.

૧૦. આ યોજના તળે નવીન, ટકાઉ અને પાકા કામો કરવાના રહેશે અને થયેલ કામો લગત તમામ સાહિત્યની પંચાયતી રાજ સંસ્થાએ જાળવણી કરવાની રહેશે અને તૈયાર થયેલ મિલકતોની નોંધણી ગ્રામ પંચાયતના મિલકત રજીસ્ટરમાં નોંધાવાની રહેશે.

૧૧. જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતોએ તેમને ફાળવેલ ગ્રાંટનાં હિસાબો અલગથી નિભાવવાના રહેશે અને ભારત સરકારના PRIA Softમાં તેની નિભાવણી-એન્ટ્રી કરવી. રાજ્યના IFMS સીસ્ટમને કોમ્પટ્રોલર અને ઓડીટર જનરલનાં PFMS પોર્ટલ સાથે Integrate કરવાનું રહેશે જેથી પંચાયતોના હિસાબોનું ઓનલાઈન ઓડીટ થઈ શકે.

૧૨. રાજ્ય સરકારે કોમ્પટ્રોલર અને ઓડીટર જનરલનું તાંત્રિક માર્ગદર્શન અને સુપરવિઝન મુકેલ હોઈ, પંચાયતોનું ઓડીટ સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી અને કોમ્પટ્રોલર અને ઓડીટર જનરલ દ્વારા થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૧૩. કામોના અમલીકરણ દરમિયાન સરકારશ્રીનાં પંચાયત લગત નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને કામપૂર્ણતા પ્રમાણપત્ર આપ્યા બાદ જ આખરી ચુકવણું કરવાનું રહેશે.

૧૪. ગ્રામ અને તાલુકા પંચાયતના રૂ.૫.00 લાખથી વધુ રકમના કામોને જિલ્લા મોનીટરીંગ કમિટીમાં રજુ કરી તેની પશ્ચાદવર્તિ અસરથી મંજુરી મેળવવાની રહેશે.

૧૫. આ યોજના હેઠળ થયેલ કામોની મંજુરી, અમલીકરણ, પ્રગતિ અને થયેલ ખર્ચની સમિક્ષા તેમજ અન્ય માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તેમના અધ્યક્ષપણા હેઠળ જિલ્લા મોનીટરીંગ કમિટીની રચના કરવાની રહેશે અને દર માસે યોજનાકીય કામગીરીની સમિક્ષા કરવાની રહેશે.

૧૬. દર ત્રિમાસના અંતે થયેલ ખર્ચનું ઉપયોગીતા પ્રમાણપત્ર તાલુકા વિકાસ અધિકારીશ્રીએ નિયત નમૂનામાં જિલ્લા વિકાસ અધીકારીશ્રીને રજુ કરવાનું રહેશે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જિલ્લાનું ઉપયોગીતા પ્રમાણપત્ર વિકાસ કમિશ્નરશ્રીને રજૂ કરવાનું રહેશે. વિકાસ કમિશ્નરશ્રીએ આ અંગેનું એકત્રિત ઉપયોગીતા પ્રમાણપત્ર પાંચ નકલમાં રાજ્ય સરકારશ્રીને રજુ કરવાનું રહેશે. પ્રમાણપત્ર સાથે જિલ્લાનું સંકલિત અને જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતની કક્ષાવાર યોજના હેઠળ ફાળવેલ ગ્રાંટ, થયેલ ખર્ચ, ચાલુ, પૂર્ણ, પ્રગતિ હેઠળના કામો સહિતની વિગતોનું પ્રગતિ પત્રક રજુ કરવાનું રહેશે.

૨. પંચાયતોને મળનાર ગ્રાંટમાંથી થનાર કામોનું એ પ્રમાણે આયોજન કરવાનું રહેશે કે જેથી ગ્રામ પંચાયતના તમામ વિસ્તારોનો સમાવેશ થાય અને સર્વજ્ઞ વિકાસ થાય અને ગ્રામ પંચાયત સ્વાવલંબી થઈ શકે.

૩. આ કામોના આયોજન અને અમલીકરણ માટે ભારત સરકારનાં પંચાયતી રાજ મંત્રાલય અને ફાઇનાન્સ કમીશન ડીવીઝન, નાણા મંત્રાલય, ભારત સરકાર દ્વારા ઠરાવવામાં આવનાર નિયત કાર્યપધ્ધતી અનુસાર કરવાની રહેશે.

૪. સને ૨૦૨૦-૨૧ માટે યોજનાકીય આયોજન કરવાનું રહેશે અને લગત વિગતોની સોફટવેરમાં એન્ટ્રી કરવાની રહેશે.

૫. એક જિલ્લાને મંજુર થયેલ અનુદાનનો કોઈ પણ હિસ્સો બીજા જિલ્લાને તબદિલ કરી શકાશે નહિ.

૭. આ અનુદાનનો ઉપયોગ નાગરિક સેવાની પાયાની જરૂરીયાતો માટે કરવાની રહેશે. બેઝીક ગ્રાંટનો ઉપયોગ પંચાયતી રાજ સંસ્થાઓની જરૂરીયાત સંદર્ભે રાજ્ય સરકાર ઠરાવે તે નિશ્ચિત હેતુ માટે ઉપયોગ કરવાનો રહેશે જ્યારે ટાઈડ ગ્રાંટનો ઉપયોગ ૧.સેનિટેશન અને ખુલ્લામાં શૌચ મુક્તિની જાળવણી ૨.પીવાનું પાણી પુરા પાડવા – નળ મારફત,વરસાદી પાણીના સંગ્રહ (rain water harvesting) અને પાણીના શુદ્ધિકરણ (water recycling) જેવી પાયાની સેવાઓ લગત કેટગરી માટે કરવાનો રહેશે. બંને કેટેગરી ૧ અને ૨ માટે ટાઈડ ગ્રાંટનાં ૫૦ : ૫૦ ટકા ફાળવણી કરવાની રહેશે. જો કોઈ પંચાયતમાં ઉક્ત નિયત ૧ અને ૨ પૈકી કોઈ ૧ કેટેગરી હેઠળ તમામ – સંપૂર્ણ કામો થયેલ હોવાનું જણાય તો જ તે સિવાયની અન્ય કેટેગરી માટે તમામ ટાઈડ ગ્રાંટનો તે મુજબના કામો હાથ ધરવા માટે ઉપયોગ કરી શકશે. પંચાયત દ્વારા ઉપલબ્ધ ગ્રાંટને અનુલક્ષીને થયેલ કામોના આયોજન પ્રમાણ અનુસાર કામો માટે અનુદાનની ફાળવણી કરવાની રહેશે.

૮. કેન્દ્ર સરકારમાંથી ગ્રાંટ મળ્યેથી ૧૦ દિવસમાં તબદિલ કરવાની રહેશે અને ગ્રામ-તાલુકા –જિલ્લા પંચાયતના બેંક ખાતામાં જમા કરાવવાની રહેશે.

૯. ભારત સરકાર કે રાજ્ય સરકારની અન્ય યોજના / સાધનોમાંથી જે હેતુ માટે ખર્ચ કરવામાં આવ્યો હોય તેવા કામો માટે એ જ હેતુ માટે આ રકમ વાપરી શકાશે નહિ, એટલે કે કોઈ યોજનાનો ખર્ચ બેવડાય નહિ તે જોવાનું રહેશે તે અંગેનું પ્રમાણપત્ર સંબંધિત અધિકારીએ આપવાનું રહેશે કામોનું જીઓ ટેગીંગ કરવાનું રહેશે.

૧૭. પંચાયતો દ્વારા સમાવિષ્ટ કરેલ કામો અન્ય યોજનામાં લેવાપાત્ર હોય તો પહેલા તેમાં સમાવિષ્ટ કરવાના રહેશે.

૧૮. આ અનુદાનામાંથી કર્મચારીઓનાં પગાર-ભથ્થા, આકસ્મિક ખર્ચ, સ્ટેશનરી ખર્ચ કે પ્રવાસ ભથ્થા જેવા અન્ય ખર્ચ કરી શકશે નહિ.

૧૯. આ ગ્રાંટની ફાળવણી શિડયુલ ૫ અને ૬ હેઠળના વિસ્તારોને પણ કરવાની હોવાથી આ અંગેનો ખર્ચ નીચે મુજબના બજેટ સદરે કરવાનો રહેશે.

**GENERAL:**

માંગણી ક્રમાંકઃ ૭૦ હેઠળના બજેટ સદર-૨૫૧૫-અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ - ૮૦૦-અન્ય ખર્ચ – ૧૧- સીડીપી-૭ કેન્દ્રિય નાણાપંચની ભલામણો અન્વયે પંચાયતીરાજ સંસ્થાઓને સંગીન બનાવવાના કેન્દ્રિય સહાયની ચુકવણી (મહેસુલ)

**SCSP :**

માગણી ક્રમાંકઃ ૯૫ હેઠળના બજેટ સદર ૨૫૧૫-અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ - ૮૦૦-અન્ય ખર્ચ – 0૩- સીડીપી-૭ કેન્દ્રિય નાણાપંચની ભલામણો અન્વયે પંચાયતીરાજ સંસ્થાઓને સંગીન બનાવવાના કેન્દ્રિય સહાયની ચુકવણી (મહેસુલ)

**TASP:**

માગણી ક્રમાંકઃ ૯૬ હેઠળના બજેટ સદર ૨૫૧૫-અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ - ૭૯૬ આદિજાતી વિસ્તર પેટા યોજના – ૧૨- સીડીપી-૭ કેન્દ્રિય નાણાપંચની ભલામણો અન્વયે પંચાયતીરાજ સંસ્થાઓને સંગીન બનાવવાના કેન્દ્રિય સહાયની ચુકવણી (મહેસુલ) ખાતે ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૨૪-૪-૨૦૨૦ ના રોજ મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

(એમ.એલ.ભગોરા)
નાયબ સચિવ
પંચાયત,ગ્રામ-ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- રાજયપાલશ્રીના અંગત સચીવશ્રી,રાજભવન,ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીના અંગત સચીવશ્રી,રાજભવન,ગાંધીનગર
- માન.વિધાનસભાના અધ્યક્ષશ્રી/ઉપાધ્યક્ષાશ્રીના અંગત સચીવશ્રી
- તમામ મંત્રીશ્રીઓ/રા.ક. મંત્રીશ્રીઓ ના અંગત સચીવશ્રી,
- માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચીવશ્રી,

- માન.વિરોધ પક્ષનાં નેતાશ્રીના અંગત સચીવશ્રી
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- ગુજરાત રાજ્યના સર્વે સંસદસભ્યશ્રીઓ
- ગુજરાત રાજ્યના સર્વે ધારાસભ્યશ્રીઓ
- એકાઉન્ટ જનરલશ્રી,અમદાવાદ,રાજકોટ
- સચિવાલયના સર્વે વિભાગો
- વિકાસ કમીશ્નરશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારી,ગાંધીનગર
- સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ
- નાણાકિય સલાહકારશ્રી(પંચાયત) પંચાયત ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી,"ત"-શાખા
- સીસ્ટમ મેનેજરશ્રી, પંચાયત ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ જાણ તથા પ્રસ્તુત ઠરાવ પંચાયત વિભાગની વેબસાઈટ પર મુકવા યોગ્ય કાર્યવાહી અર્થે
- નાયબ સેકશન અધિકારીશ્રી, "ત"-શાખા
- શાખા સિલેકટ ફાઈલ